# બાર્નાબાસ - ઉદાર દાતા

## આપણા વહાલા ઈસુએ આપણને ઉદારતાથી આપવાની આજ્ઞા કરી છે.

**પ્રાર્થના :** સ્વર્ગીય પિતા, તમે અમને તમારો પુત્ર અને અનંતજીવન આપ્યું છે. તમે અમને સર્વ ઉત્તમ વસ્તુઓ આપી છે. તમે આપેલી ઉત્તમ દાનોને સર્વ જરૂરિયાતવાળાઓ સાથે વહેંચવા મારી અને મારી સંગતને સહાય કરો.

*૧. ઉદારતાથી આપવા તમારા હૃદયને તૈયાર કરો અને તમારી સંગત ને પણ તેવું કરતા શીખવો.*

**બાર્નાબાસ અને પ્રથમ વિશ્વાસીઓ ઉદારતાથી આપતા હતા**

- **પ્રે.કૃ. ૨ :૪૪-૪૫માંથી** શોધો કે પ્રથમ વિશ્વાસીઓ પોતાની જરૂરિયાતો માટે કેવી રીતે આપતા હતા.
  અ. ક્યા વિશ્વાસીઓ આપતા હતા ?
  બ. તેઓ કોને આપતા હતા ?
  (ઉત્તર અ. જેમની પાસે કાંઈ આપવા જેવું હતું તેઓ આપતા હતા.
  બ. જેમને જરૂરિયાત હતી તેમને આપતા હતા.)
- **પ્રે.કૃ. ૪ :૩૨ - ૩૭ માંથી શોધો** બાર્નાબાસે જરૂરિયાતવાળા વિશ્વાસીઓને કેવી રીતે આપ્યું ?
  અ. તેણે શું વેચવું પડયું ?
  બ. તેણે કોને આપ્યું ?
  (ઉત્તર અ. જમીન બ. જરૂરિયાતમંદોને વહેંચવા માટે પ્રોત્સાહન આપ્યું.)
- **પ્રે.કૃ. ૧૧ :૨૮-૩૦માંથી** શોધો મંડળીએ કેવી રીતે જરૂરિયાતવાળાઓને મદદ કરવી જોઈએ.
  અ. વિશ્વાસીઓએ કેટલું આપ્યું ?
  બ. તેમણે કોને આપ્યું ?
  (ઉત્તર અ. શક્તિ પ્રમાણે આપ્યું. બ. યરૂશાલેમના જરૂરિયાતમંદ વિશ્વાસીઓને.)

**દાતાઓ માટે ઈશ્વરે આપેલા વચનો**

- **નીતિવચન ૧૯ :૧૭માંથી શોધો.**
  અ. આપણે કોને આપવું જોઈએ ?
  બ. ઈશ્વરનું વચન શું છે ?
  આપણા દાનાનો બદલો ઈશ્વર વાળે છે.
  (ઉત્તર અ. ગરીબોને બ. ઈશ્વર આપણને બદલો આપશે.)
- **લૂક ૬ :૩૦-૩૮ માંથી શોધો.**
  અ. આપણે કોને આપવું જોઈએ ?
  બ. ઈશ્વરનું વચન શું છે ?
  (ઉત્તર અ. જે માગે તેને બ. આપવાના પ્રમાણમાં બદલો મળશે.)
- **૨ કોરંથી ૯ :૧ - ૧૧માંથી શોધો.**
  અ. આપણે કોને આપવું જોઈએ ?
  બ. આપણે કેટલું આપવું જોઈએ ?
  ક. ઈશ્વરનું વચન શું છે ?
  ડ. આપવા વિષે કેવું લાગવું જોઈએ ?
  (ઉત્તર અ. જરૂરિયાતવાળા વિશ્વાસીઓને બ. આપણા હૃદયની નિર્ણય પ્રમાણે ક. આપવા માટે આપણી પાસે સદા હશે. ડ. આનંદ થવો જોઈએ.)

- **ફીલીપી ૪ :૧૩-૧૯માંથી શોધો**

  અ. આપણે કોને આપવું જોઈએ ?

  બ. ઈશ્વરનું વચન શું છે ?

  (ઉત્તર અ. નવી મંડળીઓ સ્થાપનાર પ્રેરિતોને બ.આપણી સર્વ જરૂરિયાતો ઈશ્વર પૂરી પાડશે.)
- **માથ્થી ૬ :૧૯ -૨૧માંથી શોધો** કે આપણે આપણું ધન સંપિત્ત ક્યાં એકઠા કરવા જોઈએ.
- **માત્થી ૬ :૩૧-૩૩માંથી શોધો** આપણે પહેલાં શું શોધવું જોઈએ.



***૨. આગામી સપ્તાહ માટે પ્રવૃત્તિઓનું આયોજન સહકાર્યકર્તા સાથે કરો.***

- તમારી સંગતના સભ્યોની જરૂરિયાત વિષે તથા અન્ય જરૂરિયાતમંદ વિશ્વાસીઓ વિષે જાણો.
- જરૂરિયાતમંદોની મુલાકાત લો અને તેમને વિશ્વાસીઓની મદદની આશિષ આપો. સંગતના સભ્યોથી શરૂ કરો અને પછી બીજાઓને વહેંચો. (ગલાતી ૬ :૧૦)
- મળેલ નાણાંકીય દાનો તથા તેની વહેંચણીનો હિસાબ રાખો.
- પ્રે.કૃ. ૬ :૧-૬ પ્રમાણે સહાયકારીઓ તથા તેમની પત્નીઓને જરૂરિયાતમંદોની કાળજી લેવાની સૂચના આપો.

***૩. આગામી ભજનસેવાનું આયોજન કરો.***

જરૂરિયાતમંદો માટે બાર્નાબાસે આપેલ દાન વિષે કહો પ્રે.કૃ. ૪ : ૩૨-૭૩

ક્ષમા પામેલી સ્ત્રીએ ઈસુ માટે શું કર્યું તે કહો લૂક ૭ :૩૬-૫૦

ગરીબ વિધવાએ આપી દીધેલ સઘળી આજીવિકા વિષે કહો માર્ક ૧૨ : ૩૮-૪૪ અથવા બાળકોને તેનું નાટક ભજવવા દો અને તેમણે તૈયાર કરેલા પ્રશ્નો મોટેરાંને પૂછો.

**મુખપાઠ :** નીતિવચન ૧૯ :૧૭

**કોઈ ખાસ જરૂરિયાત માટે દાન ઉઘરાવો.**

ઈશ્વરે આપણને આપેલ મહાન દાન વિષેની કલમો વિશ્વાસીઓને મુખપાઠ કરાવો યોહાન ૩ :૧૬-૧૭, યોહન ૬ :૪૭- ૫૧, ૧ યોહાન ૩ :૧૬-૧૭, રૂમી ૬ :૨૩

પ્રભુભોજન માટે ૨ કાળવૃંતાત ૩૫ : ૧૭-૧૯ વંચાવો સમજાવો કે આપણે પાસ્ખા પાળીએ છીએ તે પાસ્ખાનું હલવાન દેવે તેના દાનથી પુરું પાડયું છે એટલે જ ઈસુ “દેવનું હલવાન” છે.

**આપવા તથા પામવા વિષે પ્રોત્સાહક બાઈબલ વચનો**

| | |
|---|---|
| ૧ કાળ. ૨૯ : ૯-૧૩ | માત્થી ૬ :૧૯-૨૧, ૬ :૩૧-૩૩; |
| ૧ કાળ. ૧૬ : ૧-૪ | માત્થી ૧૯ :૨૮-૩૦; ૨૫ : ૩૪-૩૫ |
| ૧ યોહાન ૩ : ૧૬-૧૯ | ફીલીપી ૪ : ૧૩-૧૯ |
| ૧ તિમોથી ૫ : ૩-૫ | નીતિ ૧૧ : ૨૪-૨૮; ૧૯ :૧૭ |
| ૨ કોરંથી ૯ :૭ -૮ | નીતિ ૨૧ : ૧૩; ૨૨ :૯; ૨૮ :૨૭ |
| પ્રે.કૃ. ૧૧ : ૨૮-૩૦; ૨૦ :૩૨-૩૫ | ગીત. ૩૯ : ૪-૭ |
| યાકૂબ ૨ : ૧૪- ૧૬ | રૂમી ૧૦ :૧૩-૧૫; ૧૫ : ૨૦-૨૫ |
| લૂક ૭ : ૩૬ - ૫૦; ૧૪ : ૧૨-૧૪ | પુન. ૮ :૧૫-૧૯; ૧૫ : ૭-૧૧. |